સંગઠન એ જ શક્તિ રજી.નં. એફ/૩૧૩૪/કચ્છ વિના સહકાર નહિ ઉદ્ધાર

# શ્રી કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસિએશન

પ્રમુખ
ડૉ. નવઘણભાઈ વી. આહીર
M. 98258 25551

પ્લોટ નં. ૧૯ – ૨૦, કિશાન લોજની પાછળ, નળવાળા સર્કલ પાસે, માધાપર હાઈવે, ભુજ–કચ્છ–૩૭૦૦૦૧. M. 8980955551

તારીખ :
૨૮–૦૫–૨૦૨૪

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી/માનદમંત્રીશ્રી
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસો.
અમદાવાદ.

**<u>વિષય : આર.ટી.ઓ.મા પડતી મુશ્કેલીઓ અંગે</u>**

માન.શ્રી

જત જણાવવાનું કે અમારી સંસ્થા તરફથી નીચે મુજબના પ્રશ્નોની રજુઆત કરવા વિનંતી.

૧. સાણંદ આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર ભ્રસ્ટાચાર ખુબ જ વધી ગયેલ છે. ત્યાના ફોલ્ડરીયા સેટીગ કરે છે અને આર.ટી.ઓ.માં રૂપિયા લેવા સીવાય કોઈ કામ નથી થતું.

૨. કચ્છથી માલ ભરીને ગાડી અમદાવાદ જવા નીકળે છે, અને ૨–૩ ટન ઓવરલોડ હોય છે ત્યારે ૨૫–૫૦ કી.મી. જાય છે અને ગાડી કોઈ કારણે ડીટેઈન કરી હોય તો તે દંડ વસુલે છે, પણ ગાડી ઓવરલોડ હોય તેનો દંડ આર.ટી.ઓ.ને વસુલવાનો હોય તેનો તો કોઈ મેમો આવતો નથી. ખાણ–ખનીજ અને આર.ટી.ઓ. વિભાગનું કોઈ કોમ્યુનીકેશન જ નથી.

૩. કોઈપણ જગ્યાએ કે કંડલા અને મુંદ્રા પોર્ટ ઉપર ટ્રકોની પાર્કિંગના નામે ચાર્જ વસુલવામાં આવે છે, ખરેખર ગાડી પાર્ક કરાવવાની જવાબદારી કોની ?

૪. કચ્છમાં ભુજ આર.ટી.ઓ.માં મહેકમનો પ્રશ્ન છે. જરૂરિયાત મુજબના ચેકિંગ કરવાના વાહન ઉપલબ્ધ નથી. ઓવરલોડના વાહનોને ચેક કરવા માટે વિસ્તાર ઘણો મોટો પડે છે. ઓવરલોડના બહુ પ્રશ્નો છે.અમારા ધ્યાન મુજબ બે જ વાહનો છે, એક મુંદ્રા અને બીજા ભુજ આસપાસ. તો મહેકમ પુરૂ કરો.

૫. અંજાર આર.ટી.ઓ.માં લાયસન્સ કરાવવા જાય ત્યારે બધી પ્રક્રિયા પુરી થઈ જાય–પાસ થઈ જાય ત્યારબાદ ઓનલાઈન લાયસન્સ જોવા જઈએ ત્યારે "કેમ્પ એરર" આવે છે. તો આ પ્રશ્નનો નિકાલ કરો અને ત્યાનું મેઈન સોફટવેર ખુબ જ જુનુ છે તેને અપડેટ કરો.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

ડો. નવઘણ વી. આહિર
પ્રમુખ
કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશન

N.V.A

પ્રમુખશ્રી
શ્રી કચ્છ જીલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશન
ભુજ–કચ્છ